સોમવાર, 1 ડિસેમ્બર, 2025 માગશર સુદ એકાદશી

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ત્રીજો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## AAPની કિસાન મહાપંચાયત: ઈટાલિયાના ટોમીવાળા નિવેદનથી રાજકારણમાં ગરમાવો

આમ આદમી પાર્ટી (AAP) દ્વારા બનાસકાંઠાના પાલનપુર તાલુકાના ચડોતર ખાતે કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું, જે ખેડૂતો અને ખેતમજૂરોને ન્યાય અપાવવાના સ્લોગન સાથે યોજાઈ હતી. મહાપંચાયતમાં પ્રદેશ નેતાઓ ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા અને ચૈતર વસાવા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નેતાઓએ ખેડૂતોના મુદ્દે તેમજ ડ્રગ્સની સમસ્યાને લઈને ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. ગોપાલ ઈટાલિયાએ ડ્રગ્સના મુદ્દે ગંભીરતા હોય તો ગૃહમંત્રીને સર્વપક્ષીય મીટિંગ બોલાવવા માંગ કરી હતી.

જોકે, ઈટાલિયાનું એક વિવાદાસ્પદ નિવેદન પોલીસના પટ્ટા ઉતારવા મુદ્દે આવ્યું. તેમણે કહ્યું કે, "પોલીસને પટ્ટો એ કમર ઉપર પહેરવા આપેલો છે... પણ કોઈ કમરેથી પટ્ટો કાઢીને ગળામાં પહેરી લે અને ટોમી બની જાય તો શું કરવું?" તેમણે વધુમાં ઉમેર્યું કે, "કમરનો પટ્ટો જે અધિકારીએ કમર ઉપર પહેર્યો છે, એને બે હાથે કડક સેલ્યુટ છે. પણ કમરના પટ્ટા કાઢી ગળામાં પહેર્યા છે અને ટોમી બની ગયા છે ભાજપના, એના પટ્ટા તો ઉતરવા જ જોઈએ." આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ગરમાવો આવ્યો છે.

**ચડોતરમાં AAPની કિસાન મહાપંચાયતમાં ઈસુદાન ગઢવી અને ગોપાલ ઈટાલિયાએ ખેડૂતો અને ડ્રગ્સના મુદ્દે સરકારને ઘેરી.**



### ખંભાત: ૪ વર્ષથી વોન્ટેડ ટ્રેક્ટર કૌભાંડનો આરોપી યુસુફ ઉર્ફે ડેની ઝડપાયો.

ખંભાત ગ્રામ્ય પોલીસે છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગુનાઓમાં વર્ષ ૨૦૨૧થી નાસતા ફરતા આરોપી યુસુફ ઉર્ફે ડેની ઉર્ફે ડેનીકાકા અહેમદભાઈ પટેલને ધોળીકુઇ ગામ પાસેથી ઝડપી પાડ્યો છે. આરોપી વડોદરાનો રહેવાસી છે.

યુસુફ વિરુદ્ધ ખંભાત ગ્રામ્ય, વિદ્યાનગર અને નડિયાદમાં વિશ્વાસઘાત તથા છેતરપિંડીના અનેક ગુનાઓ નોંધાયેલા છે. પોલીસ સૂત્રો મુજબ, આ ગેંગ ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો પાસેથી આઇશર ટ્રેક્ટરો ગીરો લેવાના બહાને લઈ તેના પર લોન ચઢાવી દેતી હતી અને ટ્રેક્ટરો સગેવગે કરી દેતી હતી. આ કેસમાં અગાઉ છ શખ્સોની ધરપકડ થઈ ચૂકી છે. પોલીસે યુસુફની પૂછપરછમાં વધુ નામો ખુલે તેવી શક્યતાએ તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### ખંભાતના યુવકનો ૭.૫૦ લાખનો ટેમ્પો ચોરાયો

આણંદ જિલ્લાના ખંભાત શહેરની મહમદી સોસાયટીમાં રહેતા સદામ જાકીરહુસેન દિવાનનો રૂ. ૭.૫૦ લાખની કિંમતનો આઈશર ટેમ્પો ચોરાઈ ગયો છે.

ટેમ્પામાં ખરાબી આવતા સદામ દીવાને તે ટેમ્પો બોરસદ-ધુવારણ રોડ પર વડેલી ગામના પાટીયા નજીક પેટ્રોલપંપ પાસે પાર્ક કર્યો હતો અને ઘરે ગયા હતા. રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યા ચોર શખ્સો ટેમ્પો ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે સદામ દિવાને ભાદરણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



### બનાસકાંઠામાં ૫૦ ગાંજાના છોડ સાથે એક શખ્સ ઝડપાયો

બનાસકાંઠાના હડાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસે માદક પદાર્થ ગાંજાના ૫૦ છોડ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. આ ગાંજાનું કુલ વજન ૧.૫૦૦ કિલોગ્રામ અને તેની કિંમત રૂ. ૭૫,૦૦૦ આંકવામાં આવી છે.

દાંતા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક (ઈન્ચાર્જ) કુણાલસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ હડાદના ઈન્ચાર્જ પી.આઈ. જે.આર. દેસાઈને મળેલી બાતમીના આધારે રેડનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોલીસે મચકોડા ગામની સીમમાં આવેલા ખેતરમાંથી માલાભાઈ અનાભાઈ રોઈસા (ઉ.વ. આ. ૬૧) નામના ઈસમને પકડ્યો હતો. તપાસમાં ખુલ્યું કે માલાભાઈ અને વીરાભાઈ માલાભાઈ રોઈસાએ વેચાણ કરવાના ઈરાદે પોતાના ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર કર્યું હતું.

રેડ દરમિયાન ખેતરમાંથી ગાંજાના ૫૦ લીલા છોડ મળી આવ્યા હતા. પોલીસે મુદ્દામાલ જપ્ત કરીને બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




**બનાસકાંઠાના હડાદમાં પોલીસે ₹ ૭૫,૦૦૦ના ગાંજાના ૫૦ છોડ સાથે એક ખેડૂતને ઝડપ્યો. NDPS એક્ટ હેઠળ કાર્યવાહી શરૂ.**

### તળાજા હાઈવે પર અજાણ્યા વાહનની અડફેટે વૃદ્ધ ઈજાગ્રસ્ત




તળાજા-ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર શેત્રુંજી નદીના પુલ નજીક એક અજાણ્યા વાહને કાળુભાઈ નરશીભાઈ બાલધિયા (રહે. નવી ગોરખી, તળાજા) નામના વૃદ્ધને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં તેમને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

હાઈવે પરથી પસાર થતી વખતે આ બનાવ બન્યો હતો, જેની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ટીમે ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

### આણંદના સામરખામાં ડાંગરના પુળામાં આગ, મોટું નુકસાન



આણંદ જિલ્લાના સામરખા ગામના રઈબેન બાબુભાઈ પરમારના ઘરમાં આજે સવારે ડાંગરના પુળામાં અચાનક આગ લાગી હતી. આગ ઝડપથી ફેલાતા કરમસદ આણંદ ફાયર સર્વિસીસને જાણ કરાઈ. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવ્યો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ડાંગરના પુળા સંપૂર્ણપણે સળગી જતાં મોટું નુકસાન થયું છે.

### શેત્રુંજી કોઝવેમાં ભારે ધોવાણ, વાહનવ્યવહારને અસર

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ટીમાણા નજીક શેત્રુંજી નદી પર આવેલા કોઝવેમાં ભારે ધોવાણ થવાથી મોટા ભુવા પડી ગયા છે, જેના કારણે વાહનવ્યવહારને અસર થઈ શકે છે.

છેલ્લા બે દિવસ પહેલા રઝાવળ ડેમના દરવાજા ખોલવામાં આવતા શેત્રુંજી નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો હતો. આ વર્ષે ડેમ આઠ વખત ઓવરફ્લો થવાથી નદીમાં વારંવાર પૂરની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે કોઝવેને ભારે નુકસાન થયું છે. આ કોઝવે જેસર, પાલીતાણા અને બગદાણા જેવા અનેક સ્થળોને જોડે છે, જેથી તાત્કાલિક સમારકામ જરૂરી છે.

## મેસેજિંગ એપ્સ માટે કેન્દ્ર સરકારે કડક નિયમો બનાવ્યા




કેન્દ્ર સરકારે દેશમાં વોટ્સએપ, ટેલિગ્રામ જેવી મેસેજિંગ એપ્સના દુરુપયોગને રોકવા માટે નવા અને કડક નિયમો બનાવ્યા છે. આ નિયમો હેઠળ હવે સિમ કાર્ડ વગર મેસેજિંગ એપ્સ ચલાવી શકાશે નહીં.

સૌથી મોટો ફેરફાર એ છે કે, વપરાશકર્તાઓએ હવે દર ૬ કલાકે એપ્સમાંથી લોગઆઉટ થવું પડશે અને પુનઃ લોગ-ઇન કરવું જરૂરી બનશે. વોટ્સએપ અને ટેલિગ્રામના વેબ વર્ઝન માટે પણ આ દર ૬ કલાકે લોગઆઉટ થવાનો નિયમ લાગુ પડશે.

નવા આદેશ મુજબ, તમામ ગ્રાહકોએ સિમ ટુ ડિવાઈસ બાઈન્ડિંગની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે, જેથી દરેક એકાઉન્ટ ભૌતિક રીતે એક ઉપકરણ અને સક્રિય સિમ સાથે જોડાયેલું રહે. આ નવા નિયમોનો અમલ ૯૦ દિવસની અંદર કરવામાં આવશે. સરકારનો આ નિર્ણય સુરક્ષા અને નકલી ખાતાઓ પર નિયંત્રણ લાવવાના ઉદ્દેશથી લેવામાં આવ્યો છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ૧૦ ફૂટ લાંબો મગર ખલીપુરના ખેતરમાંથી ઝડપાયો

વડોદરા નજીક આવેલા ખલીપુર ગામના એક ખેતરમાં આજે બપોરે અંદાજે ૧૦ ફૂટ લાંબો મગર આવી ગયો હતો, જેના પગલે વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ખેતર માલિક તરફથી જાણ થતાં જ સેવ વાઇલ્ડલાઇફ ટ્રસ્ટના પ્રમુખ સંદીપ સિંઘની આગેવાની હેઠળ રેસ્ક્યૂ ટીમના વોલન્ટિયર્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. વન વિભાગના કર્મચારી શૈલેષભાઈની મદદથી ટ્રસ્ટની ટીમે મગરને સંપૂર્ણ સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કર્યો હતો. રેસ્ક્યૂ બાદ આ મગરને આગળની કાર્યવાહી માટે વન વિભાગને સોંપી દેવામાં આવ્યો છે. ટ્રસ્ટે નાગરિકોને અપીલ કરી છે કે, વન્યપ્રાણી દેખાય તો ગભરાવાને બદલે તાત્કાલિક તેમનો સંપર્ક કરવો, જેથી વન્યજીવનું અને નાગરિકોનું જીવન સુરક્ષિત રહી શકે. ઉલ્લેખનીય છે કે, વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી, ઢાઢર જેવી નદીઓ અને તળાવોમાં મળીને કુલ એક હજાર કરતાં વધુ મગરોનો વસવાટ છે. મગર શેડ્યૂલ-૧નું સંરક્ષિત પ્રાણી છે.

## વડોદરામાં આજે જિલ્લા કક્ષાનો 'ગીતા મહોત્સવ'


ગુજરાત સરકાર અને સંસ્કૃત બોર્ડના માર્ગદર્શન હેઠળ ભારતીય જ્ઞાન પરંપરાના સંવર્ધન માટે વડોદરા જિલ્લામાં 'ગીતા જયંતી' નિમિત્તે જિલ્લા કક્ષાના ગીતા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આજે, ૧ ડિસેમ્બર, ૨૦૨૫ને સોમવારના રોજ સવારે ૯:૩૦ કલાકે માંજલપુર ખાતે આત્મીય વિદ્યાલયમાં મુખ્ય મહોત્સવ યોજાશે.

આ મહોત્સવ પૂર્વે જિલ્લાની વિવિધ શાળાઓમાં ગીતા કંઠપાઠ યોજનાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા સંસ્કૃત અનુરાગી મિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ શ્રીમદ ભગવદ ગીતાના સંદેશને ઘર ઘર સુધી પહોંચાડવાનો અને આજની યુવા પેઢીને ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાના મૂળ સાથે જોડવાનો છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વડોદરાના તમામ નાગરિકોને આ ધર્મ, કર્મ અને આધ્યાત્મિકતાના પ્રકાશને ફેલાવતા આ મહોત્સવને સફળ અને સાર્થક બનાવવા માટે અપીલ કરવામાં આવી છે.




## વિદ્યાર્થીઓએ ઝોન કક્ષાના પ્રદર્શનમાં કૃતિઓ રજૂ કરી

પીએમ શ્રી એન.પી. સયાજીગંજ શાળા નંબર ૫૨ના વિદ્યાર્થીઓએ ઝોન કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં બે કૃતિઓ રજૂ કરી હતી.

- કચરા વ્યવસ્થાપન ('વેસ્ટ ટુ વેલ્થ'): વૈષ્ણવી સોલંકી અને ભવ્ય પરમારે 'ઝીરો વેસ્ટ કન્ટ્રી'નો પ્રોજેક્ટ રજૂ કર્યો.
- આરોગ્ય અને સ્વચ્છતા: મીત માસાંગાણી અને વિશ્વ પરમારે સ્વાસ્થ્યનું મહત્વ સમજાવ્યું.

શાળાના આચાર્યશ્રી અને માર્ગદર્શક શિક્ષકોના સહયોગથી બાળ વૈજ્ઞાનિકોએ પોતાની કૃતિઓ સુંદર રીતે પ્રસ્તુત કરી હતી, જે વર્તમાન સમય માટે ઉપયોગી છે.




## ગોલ્ડન ચોકડી પર ગેસ લાઈન તૂટતા અડધા વડોદરામાં પુરવઠો બંધ



વડોદરા શહેરના હરણી નજીક ગોલ્ડન ચોકડી પાસે ડ્રેનેજની માઇક્રો ટનલિંગની કામગીરી દરમિયાન ગેસ પુરવઠો પૂરી પાડતી મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા ગેસના ફૂવારાઓ ઉડ્યા હતા. આ ઘટનાના પગલે અડધા વડોદરા શહેરના દોઢ લાખથી વધુ ઘરોમાં ગેસ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

ગેસ પુરવઠો બંધ થવાના કારણે પૂર્વ અને ઉત્તર વિસ્તાર સહિતના અનેક વિસ્તારોમાં લોકોને બપોરનું ભોજન અને સાંજનું ડિનર બનાવવામાં ભારે મુશ્કેલી પડી હતી.

વડોદરા ગેસ લિમિટેડ (VGL) અને મહાનગરપાલિકાના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. તંત્ર દ્વારા ગેસ લાઇનના રિસ્ટોરેશનની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી હતી. હાલ મધ્યરાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં ગેસ પુરવઠો યથાવત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ડ્રેનેજની કામગીરીમાં કોન્ટ્રાક્ટરની નિષ્કાળજી કે સંકલનના અભાવે આ ભંગાણ પડ્યું તે અંગે સવાલો ઊભા થયા છે.

## સરદાર યાત્રા વડોદરામાં: નડ્ડાના નિશાન પર કોંગ્રેસ

વડોદરા શહેરમાં વાહનોમાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે. ગઈકાલે બે કાર સળગ્યા બાદ આજે, મકરપુરા GIDC વિસ્તારમાં એક ઈકો કારમાં શોર્ટ સર્કિટ થતાં અચાનક આગ ફાટી નીકળી હતી. કાર ચાલક દેવેશભાઈ ચાંપાનેરિયાએ જણાવ્યું કે, વાયરિંગ બળતું હોવાનું લાગતા તેઓ કારને GIDC પાસે ખુલ્લી જગ્યામાં લઈ ગયા, જ્યાં નીચે ઉતરતા જ આગ શરૂ થઈ ગઈ હતી. GIDC ફાયર વિભાગની ટીમે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો, પરંતુ જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખી ઈકો કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે, ડ્રાઇવર સમયસર બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, ૧૧૨ પર ફોન ન લાગતા આગ બુઝાવવામાં સમય લાગ્યો હતો.



## બાવળા: લાઉડ મ્યુઝિક વિવાદમાં છરીના ઘા ઝીંકી હત્યા

વડોદરા એસટી ડેપોના ગેસ્ટ હાઉસની એક રૂમમાંથી ક્રાઇમ બ્રાન્ચે હાથ બનાવટની પિસ્તોલ, મેગઝિન અને જીવતા કારતૂસ કબજે કરીને સનસનાટી મચાવી દીધી છે.

ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ આર.જી. જાડેજાને મળેલી બાતમીના આધારે ટીમે એસટી ડેપો પરના ગેસ્ટ હાઉસમાં તપાસ હાથ ધરી હતી. ઇન એન્ડ આઉટ ડોરમેટરીના એક રૂમમાં પલંગના બંધ ખાનામાં શંકાસ્પદ વસ્તુ હોવાથી પોલીસે તાળું તોડીને તપાસ કરી હતી. ખાનામાંથી પ્લાસ્ટિકની કોથળીમાં છુપાવેલો કુલ રૂ. ૫૮ હજાર ઉપરાંતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. ગેસ્ટ હાઉસના મેનેજરની પૂછપરછમાં આ રૂમ બનાસકાંઠાના ઇડરના કિરીટ પટેલ નામના શખ્સે બુક કરાવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ આરોપી રીઢો ગુનેગાર છે અને જેલમાંથી પેરોલ જમ્પ કરીને ભાગી ગયો હતો. ક્રાઇમ બ્રાન્ચે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધીને ફરાર આરોપીને ઝડપી પાડવાની તજવીજ શરૂ કરી છે.



## જાંબુવા બ્રિજ પર પોલીસની પ્રાથમિકતા સામે સવાલ

વડોદરા-અમદાવાદ-મુંબઈ હાઈ-વે પર જાંબુવા બ્રિજ નજીક સતત બે દિવસથી ચાલી રહેલા ભયાનક ટ્રાફિક જામને લઈને સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ગઈકાલે (૨૯ નવેમ્બર, ૨૦૨૫) સાંજે ૪:૩૦ વાગ્યે ડમ્પર બંધ પડવાના કારણે સર્વિસ રોડ પર કલાકો સુધી ટ્રાફિક જામ રહ્યો હતો. આ ગંભીર જામમાં બે એમ્બ્યુલન્સ પણ ફસાઈ ગઈ હતી, છતાં ટ્રાફિક સંભાળવા માટે એક પણ પોલીસ જવાન હાજર નહોતો.

સ્થાનિક નાગરિક અજય પંચાલે આ અંગે તંત્રની બેદરકારી સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે, ટ્રાફિકમાં ફસાયેલી બંને એમ્બ્યુલન્સને સોસાયટીના લોકોએ બહાર કાઢી હતી.

તેમનો મુખ્ય આક્ષેપ એ છે કે, આજે **'યુનિટી માર્ચ'** ના કારણે મોટી સંખ્યામાં પોલીસ ગોઠવવામાં આવી છે, પરંતુ ગઈકાલે જીવ બચાવવા તરફડતા દર્દીઓ માટે સર્વિસ રોડ ક્લિયર કરાવવા એક પણ પોલીસકર્મી નહોતો. તેમણે વહીવટી તંત્રના મેનેજમેન્ટની આકરી ટીકા કરીને તાત્કાલિક ધોરણે આ ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગણી કરી છે, જેથી એમ્બ્યુલન્સમાં ફસાયેલા દર્દીઓની તકલીફ ટાળી શકાય



## ઓનલાઈન રૂમ બુકિંગમાં ૪૯ હજારની છેતરપિંડી

અમદાવાદના ગૌરાંગ પટેલે પત્નીના નાથદ્વારા પ્રવાસ માટે ઓનલાઈન ખડાયતા અતિથિ ભવનની વેબસાઈટ પર રૂમ બુક કરાવતા રૂ. ૪૯,૪૦૦ની છેતરપિંડી થઈ છે. ગૌરાંગભાઈએ QR કોડ સ્કેન કરી શરૂઆતમાં ૪,૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં, ગઠિયાએ રિફંડના બહાને ભૂલથી વધુ રકમ મોકલી દીધી હોવાનું કહી, તેમાંથી ૪૦,૪૧૦ રૂપિયા પરત માંગ્યા હતા. છેતરપિંડીની શંકા જતાં ગૌરાંગ પટેલે ભાદરવા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. સાઇબર એક્સપર્ટે QR કોડ પર પેમેન્ટ ન કરવાની સલાહ આપી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## અડાઠમ નાયી સમૂહ લગ્ન: લિંબચધામમાં ૭ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા

હિંમતનગર: અડાઠમ જથ નાયી કેળવણી મંડળ દ્વારા લિંબચધામ મંદિર પરિસરમાં ૨૫મો ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો. કુલ ૭ યુગલોએ આ પ્રસંગે લગ્નગ્રંથિથી જોડાઈને નવા જીવનની શરૂઆત કરી. પ્રમુખ બીપીનભાઈ શર્માની આગેવાની હેઠળ આ સમારંભને વ્યસનમુક્ત પરંપરાથી સંપન્ન કરાયો, જે સમાજમાં મૂલ્ય આધારિત સંસ્કાર વિકસાવવા માટેની ઉત્તમ પહેલ છે. સમારંભમાં દાનીઓનું યોગદાન અને પદાધિકારીઓની જહેમત પ્રશંસનીય રહી.



## સુરતમાં રોંગસાઇડ વાહન ચાલકને ₹ ૩૦૦૦નો દંડ

સુરત રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું હોવાથી આસપાસના રસ્તાઓ બંધ છે, જેના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે. આ દરમિયાન, વિકાસલક્ષી કામગીરી કરતી કંપની SITCOના જ વાહનો રોંગ સાઈડમાં ચલાવતા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

ટ્રાફિક કંટ્રોલ રૂમના ડીસીપી એ.એમ. પરમાર વરાછાના પોદાર પાસે નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે જ SITCO કંપનીનો એક પીકઅપ ટેમ્પો ચાલક રોંગ સાઈડમાં આવ્યો હતો. ડીસીપીએ તેને અટકાવી પૂછપરછ કરી હતી.

ચાલકે બેદરકારીપૂર્વક જવાબ આપ્યો હતો કે, "મારા સાહેબ પણ આ સાઇડથી જ રોજ આવે છે, એટલે હું પણ નીકળ્યો..."

આ નિવેદન બાદ ટ્રાફિક ડીસીપીએ તુરંત કાર્યવાહી કરીને ટેમ્પો ચાલકને રોંગ સાઈડમાં વાહન ચલાવવા બદલ રૂ. ૩,૦૦૦નો મેમો ફટકાર્યો હતો. આ ઘટનાએ સંદેશ આપ્યો છે કે વિકાસ કાર્ય સાથે જોડાયેલા લોકોને પણ ટ્રાફિકના નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. રેલવે રિડેવલપમેન્ટ એજન્સીના જ વાહનો રોંગ સાઈડમાં દોડતા હોય, ડીસીપીએ જાતે દંડ કરીને એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યાને હળવી કરવા માટે રેલવે સત્તાધીશોને રેલવે કોલોનીના અંદરના રસ્તાનો ઉપયોગ કરવા માટે પણ સૂચન કરવામાં આવ્યું છે.

## EWS લાગુ નહિ થાય તો પાટીદારોનું રાજકીય પતન: વરુણ પટેલ



ભારતીય જનતા પાર્ટીના પાટીદાર નેતા અને પાસના પૂર્વ નેતા વરુણ પટેલે તાજેતરમાં સોશિયલ મીડિયા પર ગંભીર પોસ્ટ કરીને રાજકીય ક્ષેત્રે હલચલ મચાવી દીધી છે. તેમણે સ્પષ્ટ આક્રોશ વ્યક્ત કર્યો છે કે, જો પાટીદારોને **આર્થિક રીતે નબળા વર્ગ (EWS)** નું અનામત વહેલી તકે લાગુ કરવામાં નહીં આવે, તો પાટીદારોના રાજકારણનો અંત આવી જશે.

વરુણ પટેલે ચેતવણી આપતા જણાવ્યું કે, મહેસાણાની દૂધસાગર ડેરીની ચૂંટણીમાં પાટીદારોના પ્રતિનિધિત્વ પર કાતર ફેરવાઈ છે, જે સહકારી ક્ષેત્રે રકાસ દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં EWS લાગુ નહીં થાય તો પાટીદારોના રાજકીય પતનની શરૂઆત થઈ જશે. સુરતના પાટીદાર અને ભાજપ નેતા અલ્પેશ કથીરિયાએ વરુણ પટેલના આ નિવેદનને ખુલ્લું સમર્થન આપીને આ મુદ્દાને વધુ વેગ આપ્યો છે.

## વરાછા રોડ: ગેરકાયદે દબાણો પર મેયર લાલઘૂમ

સુરતના સૌથી વધુ ટ્રાફિકગ્રસ્ત વરાછા રોડ પર વર્ષોથી ચાલી આવતા ગેરકાયદે દબાણો અને અનિયમિત પાર્કિંગની સમસ્યાનો આખરે ઉકેલ લાવવા માટે મનપા અને પોલીસે સંયુક્ત એક્શન મોડ શરૂ કર્યો છે. ધારાસભ્ય કુમાર કાનાણીના પત્ર બાદ મેયર દક્ષેશ માવાણી અને પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે આજે સ્થળની વ્યક્તિગત મુલાકાત લીધી હતી.

વરાછા રોડ પરની ગંભીર પરિસ્થિતિ અને દબાણો જોઈને મેયર દક્ષેશ માવાણીએ અધિકારીઓ પ્રત્યે નારાજગી વ્યક્ત કરતાં કડક આદેશ આપ્યો હતો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, "જ્યાં પરમિશન નથી ત્યાં તોડી નાંખો, ડિમોલિશન કરી નાખો, હવે કોઈ દયા નહીં."

મેયરે ટ્રાફિક ડીસીપી પન્ના મોમૈયા સાથે વાતચીત કરીને સૂચના આપી કે, "જેટલા પણ ટ્રાફિકને નડતર બાંધકામ છે તેને તોડી નાખો. આખું ડિમોલેશન કરી દો. જેનું પરમિશન નથી તેનું તોડી નાખો, સાફ કરી નાખો." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આ વિસ્તારમાં ગેરકાયદે દબાણો



અને રસ્તા પરના પાર્કિંગને કારણે માત્ર એક જ લાઇન ચાલતી હોય તેવો માહોલ સર્જાય છે, જેનાથી લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે. મેયરના આ કડક વલણથી હવે વરાછા વિસ્તારમાં મોટા પાયે દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ થવાનો સ્પષ્ટ સંકેત મળે છે.

## સંઘવીનો સ્પષ્ટ સવાલ: શું ઘૂસણખોરો નેતા નક્કી કરશે?

ગુજરાતના ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીએ **સ્પેશિયલ સમરી રિવિઝન (SIR)** ની કામગીરીનો વિરોધ કરનારાઓને આકરા શબ્દોમાં જવાબ આપ્યો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, કોઈ પણ નેતાને નક્કી કરવાનો હક તે ક્ષેત્રના નાગરિકોનો હોવો જોઈએ, બાંગ્લાદેશી ઘૂસપેઠિયાઓનો નહીં. સંઘવીએ વિરોધને ષડયંત્ર ગણાવતા કહ્યું કે, "વિરોધીઓનું ષડયંત્ર શું છે એ સમાજ ખૂબ જાણે છે." આ દરમિયાન, તેમણે વિવિધ બૂથો પર SIRની કામગીરીનું નિરીક્ષણ કરી BLO કર્મચારીઓને ફૂડ પેકેટ આપી આભાર વ્યક્ત કર્યો હતો.

## વેડરોડ પર લૂમ્સ કારખાનામાં ભીષણ આગ, યુવકનો બચાવ

સુરતના વેડરોડ વિસ્તારમાં આવેલ પટેલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના એક લૂમ્સના કારખાનાના પહેલા માળે ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આગ પર કાબૂ મેળવવા ચાર ફાયર સ્ટેશનની ૧૦ ગાડીઓ તૈનાત કરાઈ હતી. સૌથી ગંભીર બાબત એ હતી કે, કારખાનાના ત્રીજા માળે નોકરી પરથી આવીને સૂતેલો એક યુવક ધુમાડાના કારણે ગૂંગળામણ અનુભવતો ફસાયો હતો. ફાયર વિભાગના જવાનોએ ઓક્સિજન માસ્ક પહેરીને, બારીની ગ્રીલ તોડીને ફસાયેલા યુવકને સુરક્ષિત રીતે બહાર કાઢી તેનો જીવ બચાવ્યો હતો. આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાની સંભાવના છે.

## અમદાવાદમાં ૯ ફ્લાઇટ મોડી: ટેકનિકલ સમસ્યા અને રાખની અસર

અમદાવાદ એરપોર્ટ પર ઇન્ડિગોની Airbus A320 ફ્લાઇટ્સના સોફ્ટવેર અપડેટ અને ઇથોપિયાના જ્વાળામુખીની રાખના કારણે હવામાં ફેલાયેલી અસરોને લીધે નવ જેટલી ફ્લાઇટ્સ એક કલાકથી વધુ સમય મોડી પડી હતી. દિલ્હી, મુંબઈ, બેંગકોક અને જેદ્દાહથી આવતી ફ્લાઇટ્સમાં વિલંબ થતાં રોટેશનલ અસર હેઠળ અમદાવાદથી જતી ફ્લાઇટ્સના શેડ્યૂલમાં પણ મોડું જોવા મળ્યું હતું. સૌથી વધુ, દિલ્હીથી આવતી SG 8193 અને મુંબઈથી આવતી 6E 5189 બે-બે કલાક મોડી પડી હતી.

## અમદાવાદમાં પતિએ પત્ની સાથે ઝઘડા બાદ ૬ રાઉન્ડ ફાયરિંગ કર્યું

અમદાવાદના વિજય ચાર રસ્તા નજીક આવેલી સુભાષ સોસાયટીમાં રવિવારની બપોરે એક ચોંકાવનારી ઘટના બની. બંગલા નંબર ૧૬માં પિતાના ઘરે આવેલી પત્નીને મળવા આવેલા પતિ રાહુલ સોનીએ અંગત ઝઘડામાં ઉશ્કેરાઈને જાહેરમાં ધડાધડ ૬ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેના પગલે વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો.

બપોરે આશરે ૩:૩૦ વાગ્યાના અરસામાં રાહુલ અને તેની પત્ની વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. ગુસ્સામાં રાહુલે ઘરની બહાર નીકળીને પોતાની પાસે રહેલી રિવોલ્વર અને બાર બોરની બંદૂક વડે ગોળીબાર શરૂ કર્યો હતો, જેમાં એક રાઉન્ડ ઘરના કમ્પાઉન્ડમાં અને એક રાઉન્ડ ગેટ બહાર ફાયર કરાયો હતો.

સદનસીબે આ ફાયરિંગમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ રવિવારની રજા હોવાથી મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. બનાવની જાણ થતાં જ ગુજરાત યુનિવર્સિટી પોલીસની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને ફાયરિંગ કરનાર રાહુલ સોનીની અટકાયત કરી હતી.

પોલીસે તપાસ દરમિયાન રાહુલની ફોર્ડ ટાઇટેનિયમ કારમાંથી હથિયારો જપ્ત કર્યા હતા. આરોપીના સસરાની હાજરીમાં વીડિયોગ્રાફી સાથે ઘટનાસ્થળે પંચનામું કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા એફએસએલ (FSL) ટીમને બોલાવી ખાલી કારતૂસ જપ્ત કરવામાં આવી છે. હાલમાં રાહુલની સઘન પૂછપરછ ચાલી રહી છે, પરંતુ પોલીસે મીડિયાકર્મીઓથી આરોપીને દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો.



## અમરેલી: ટેકાના ભાવની સિંગમાં માટી અને ભેજ, ભ્રષ્ટાચારનો સવાલ

અમરેલી જિલ્લાના ખાંભા અને આદસંગ ગામની વચ્ચે એક એવી ઘટના બની છે, જેણે સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદેલી મગફળીની ગુણવત્તા અને તેમાં ચાલતા ભ્રષ્ટાચાર પર મોટો સવાલ ઊભો કર્યો છે. આદસંગ ગોડાઉન તરફ જઈ રહેલી સિંગ ભરેલી ટ્રકમાંથી દોરડું તૂટવાના કારણે મગફળીની બોરીઓ રોડ પર ઢોળાઈ ગઈ હતી.

આ બનાવની જાણ થતાં આદસંગ ગામના પૂર્વ સરપંચ દાદભાઈ સેલારભાઈ પટગીર સહિત અન્ય લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઢોળાયેલી સિંગ પલળેલી અને માટીવાળી જણાતા, તેમણે ગંભીર આક્ષેપ કર્યો કે, ગાંધીના ગુજરાતમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી છે.

તેમણે જાગૃત નાગરિક તરીકે સરકારને સવાલ કર્યો છે કે, "ખેડૂતોને જો ચોખ્ખી સિંગ લાવવા માટે કડક નિયમોનું પાલન કરવું પડતું હોય, તો આ હલકી ગુણવત્તાની સિંગ કોની છે? આ કોઈ વગદાર અધિકારી કે ભ્રષ્ટ વેપારીનું કરતૂત છે?" તેમણે જણાવ્યું કે આ ભ્રષ્ટાચારનું 'પાપ પીપળે ચડીને પોકારી રહ્યું છે', અને જવાબદાર વ્યક્તિઓ સામે કાર્યવાહી થવી જોઈએ.

**રિપોર્ટર: સમીર ખોખર, અમરેલી**



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ડીસા બાયપાસ રોડનું ડામર કામ શરૂ, ટ્રાફિક સમસ્યા થશે હળવી

ગામથી ગામને જોડતા માર્ગોને મજબૂત બનાવવાના સરકારી પ્રયાસોના ભાગરૂપે ડીસા શહેર માટે નવો બાયપાસ માર્ગ તૈયાર થઈ રહ્યો છે. રાણપુર- વાસણા રોડથી કાંટ અને અજાપુરા ગામને જોડતા આ નવા પાકા ડામર રોડનું મેટલ કામ પૂર્ણ થયા બાદ હાલમાં ડામર કામ તબક્કાવાર રીતે શરૂ કરવામાં આવ્યું છે. આ માર્ગના નિર્માણથી ડીસા શહેરની ટ્રાફિક સમસ્યા હળવી થશે, અવરજવર આરામદાયક બનશે અને વિસ્તારના આર્થિક વિકાસમાં વધારો થશે.



## શિક્ષણ: નોકરી નહિ, સારો માણસ બનવાની ચાવી – વિશેષ અહેવાલ

શિક્ષણ માનવ જીવનનો એવો અભિન્ન અંગ છે, જે જન્મથી અંતિમ શ્વાસ સુધી મનુષ્યને શીખવતો રહે છે. એક વિશેષ અહેવાલમાં શિક્ષણના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવાયું છે કે, શિક્ષા એવો પ્રકાશ છે જે અજ્ઞાનના અંધકારને દૂર કરી જીવનને ઉન્નતિના પંથે આગળ વધારે છે. બાળપણમાં તકલીફરૂપ લાગતી શિક્ષા જ સમય જતાં સફળતા અને જીવનનું ગૌરવ ઘડે છે.

જોકે, આજના સમયમાં શિક્ષણનો હેતુ માત્ર નોકરી કે રોજગાર મેળવવાનો બની ગયો છે, પરંતુ લેખક ભારપૂર્વક કહે છે કે, "નોકરી કમાણી વધારશે, પરંતુ શિક્ષા જીવનમાં માનવતાનું મૂલ્ય વધારશે." સંસ્કાર, સત્યનિષ્ઠા અને સહાનુભૂતિ એ સાચા શિક્ષિત વ્યક્તિની ઓળખ છે. ડિગ્રી વગરના સંસ્કારવાળી વ્યક્તિ સાચા અર્થમાં શિક્ષિત છે.

સમાજને એક મજબૂત સંદેશ આપતા લેખક કહે છે કે, જો કોઈ પરિસ્થિતિને કારણે ભણ્યો ન હોય તો એ ગુનો નથી, પરંતુ પોતાના સંતાનોને શિક્ષણથી વંચિત રાખે તો તે મોટો ગુનો છે. બાળપણમાં ન ભણેલો પિતા જો પોતાના સંતાનોને શાળા મોકલી વિદ્યાના સંસ્કાર આપે તો એનાથી મહાન બીજું કોઈ નથી. શિક્ષાની સાચી મહાનતા એ છે કે તે વ્યક્તિનું મન, વર્તન, વિચાર બદલાવે છે અને શિક્ષિત સમાજમાં જ સમજણ, શાંતિ અને ઉન્નતિનું રાજ્ય હોય છે. શિક્ષા એ એવી સંપત્તિ છે જે ક્યારેય છીનવાઈ શકતી નથી અને રાષ્ટ્રને ઊંચું કરે છે.

**શિક્ષણ માત્ર રોજગાર માટે નહિ, પણ માનવતા અને સંસ્કાર માટે જરૂરી છે. જાણો શિક્ષણની સાચી શક્તિ અને સમાજ પરિવર્તનમાં તેનું યોગદાન.**

## ₹ ૮૬.૫૮ કરોડના ખર્ચે તળાવ ઇન્ટરલિંકિંગ પ્રોજેક્ટ મંજૂર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના પૂર્વ વિસ્તારને ચોમાસામાં વરસાદી પાણી ભરાવાની સમસ્યામાંથી રાહત આપવા માટે રૂ. ૮૬.૫૮ કરોડનો મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ મંજૂર કરાયો છે. આ પ્રોજેક્ટ નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ મંજૂર કરવામાં આવ્યો છે.

આ યોજના અંતર્ગત ઇસનપુર, નિકોલ, વટવા, રામોલ-હાથીજણ અને વટાલ વિસ્તારના રતનપુરા તળાવ, સાત તલાવડી સહિતના તળાવોને ઇન્ટરલિંક કરવામાં આવશે. આ માટે ૩૦૦ મિમીથી ૨૪૦૦ મિમી વ્યાસની કુલ ૨૪.૬૨ કિમી લાંબી સ્ટોર્મવોટર લાઇન નાખવામાં આવશે. આ લાઇન તળાવોમાંથી ઓવરફ્લો થતું વધારાનું પાણી વિંઝોલ પાસેના વેહળા સુધી પહોંચાડશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં પૂર્વ વિસ્તારમાં વરસાદી સીઝનમાં પાણી ભરાવાની સમસ્યા હળવી થશે.

## NHRC: સુરક્ષા નિયમ તોડતી સ્લીપર બસો હટાવવા રાજ્યોને આદેશ

નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશન ઓફ ઇન્ડિયા (NHRC) એ સ્લીપર બસ અકસ્માતોના વધતા કેસો અને તેમાં થતા મૃત્યુને ધ્યાનમાં લઈને મહત્ત્વના નિર્દેશો જારી કર્યા છે. કમિશને તમામ રાજ્યોના મુખ્ય સચિવોને તાત્કાલિક ધોરણે તે તમામ સ્લીપર કોચ બસોને રસ્તાઓ પરથી દૂર કરવા માટે તાકિદ કરી છે જે સુરક્ષાના ધોરણોનું ઉલ્લંઘન કરી રહી છે.

NHRCના અધ્યક્ષ પ્રિયાંક કાનૂનગો દ્વારા જારી કરાયેલા નિર્દેશોમાં જણાવાયું છે કે, ભારતમાં લાંબા પ્રવાસ માટે વપરાતી સ્લીપર બસોમાં ઓવરલોડિંગ, નબળી જાળવણી અને વધુ ઝડપ જેવી બેદરકારીને કારણે વારંવાર ગંભીર અકસ્માતો થાય છે.

કમિશને આકરા શબ્દોમાં કહ્યું છે કે સ્લીપર બસોમાં થતા અકસ્માતોમાં લોકોનું મૃત્યુ થવું એ ભારતીય બંધારણના અનુચ્છેદ-૨૧ (જીવનનો અધિકાર) નું સ્પષ્ટ ઉલ્લંઘન છે. તાજેતરના અકસ્માતોને ધ્યાનમાં રાખીને, રાજ્યોને આદેશનું સખત પાલન કરવા જણાવાયું છે.



**સ્લીપર બસોના અકસ્માતો 'જીવનના અધિકાર'નું ઉલ્લંઘન: NHRCનો રાજ્ય સરકારોને કડક આદેશ**

## પંજાબનો હત્યાનો આરોપી જામનગરમાંથી ઝડપાયો

પંજાબના અમૃતસર ખાતે એક મહિના પહેલા નોંધાયેલા હત્યાના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ આરોપીને ગુજરાત ATS અને જામનગર SOG દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરીને જામનગરના મેઘપર વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. પંજાબ પોલીસે હત્યાના વોન્ટેડ આરોપી લવપ્રિતસિંઘ હરજીતસિંઘની માહિતી ગુજરાત ATS સાથે શેર કરી હતી. આરોપી લવપ્રિતસિંઘ હત્યા બાદ જામનગરની એક કંપનીમાં હેલ્પર તરીકે એક દિવસ પહેલા જ છૂટક મજૂરીકામ કરવા આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ હત્યાના કાવતરામાં સંડોવાયેલ હોવાની કબૂલાત કરી છે. તેને અમૃતસર સિટી પોલીસને સોંપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## ગટરના ખાડાએ લીધો જીવ: AMCની બેદરકારી

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં ભૂગર્ભ ગટરનું તૂટેલું ઢાંકણું એક નિર્દોષ વ્યક્તિનો જીવ લેવાનું કારણ બન્યું છે. ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાત્રિના સમયે મોટરસાયકલ પર જઈ રહેલા નંદલાલભાઈ અંબવાનીનું વાહન રોડની વચ્ચે આવેલા આ ખાડામાં પડતા તેઓ સ્લીપ થઈને જમીન પર પટકાયા હતા. માથાના ભાગે ગંભીર ઈજા થવાથી સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. સ્થાનિકોએ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ત્રણ વખત ઓનલાઈન ફરિયાદ કરી હોવા છતાં AMCના ઉત્તર ઝોન દ્વારા કોઈ પગલાં ન લેવાતા, એક અઠવાડિયામાં જ આ દુર્ઘટના સર્જાઈ છે. સ્થાનિક લોકોમાં તંત્રની બેદરકારી સામે ભારે રોષ ફેલાયો છે.

## રાજકોટ યાર્ડ: મગફળીના ભાવ ₹ ૧૧૦૦, ખેડૂતોને મોટો ફટકો

રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આવકનો ભરાવો થયો છે, જેના કારણે ખેડૂતોને બે-ત્રણ દિવસ રાહ જોવી પડી રહી છે. હાલમાં મગફળીના ભાવ માત્ર રૂ. ૯૦૦થી રૂ. ૧૧૦૦ મળતા ખેડૂતોમાં ભારે રોષ છે, જ્યારે પોષણક્ષમ ભાવ રૂ. ૧૮૦૦થી રૂ. ૨૦૦૦ની માંગ છે. ખેડૂતોને ઘઉંની વાવણી માટે તાત્કાલિક પૈસાની જરૂર હોવાથી, તેમણે સરકાર દ્વારા જાહેર કરાયેલા રાહત પેકેજની યુદ્ધના ધોરણે અમલવારી અને ધીરાણમાં ૫૦% માફીની માંગ કરી છે.



## જરાવત: રસ્તા પર ગંદકી અને દબાણ, ગ્રામજનોને ભારે હાલાકી

મહેમદાવાદ તાલુકાના જરાવત ગામની મુખ્ય સમસ્યા માર્ગો પરનું ગેરકાયદેસર દબાણ અને અસહ્ય ગંદકી છે. જરાવત ભાગોળથી ખલાલ તરફના રસ્તા પર ફેલાયેલી ગંદકીના કારણે ગ્રામજનો, નાના બાળકો અને શાળાએ જતા વિદ્યાર્થીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. સ્થાનિક નાગરિકોએ ગ્રામપંચાયત અને સરપંચને વારંવાર રજૂઆતો કરી હોવા છતાં, આજદિન સુધી કોઈ વહીવટી પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.



## લગ્ન કાયદામાં સુધારાની લડતને મુવાલ સમૂહ લગ્નમાં વેગ

વડોદરા: શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ દ્વારા પાદરા તાલુકાના મુવાલ ગામ ખાતે ૮૮માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસપીજી (SPG) મધ્ય ગુજરાતના અધ્યક્ષ વિરાંગભાઈ પટેલ, પાદરા પ્રમુખ રાકેશભાઈ પટેલ સહિતના હોદ્દેદારો હાજર રહી નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા.

આ લગ્નોત્સવ દરમિયાન, એસપીજી રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને લગ્ન કાયદામાં સુધારા માટેની લડતને વધુ વેગ આપવામાં આવ્યો હતો. આ ઝુંબેશના સમર્થનમાં ૨,૧૦૦ માતા-પિતાએ લેખિતમાં સંમતિ આપી હતી. મુખ્યમંત્રી સમક્ષ આ લોકમાગ સાથેનું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે, જેમાં કાયદામાં વહેલી તકે સુધારો કરવા વિનંતી કરાઈ છે.

આ કાર્યક્રમમાં શ્રી ઉમિયા ધામ ઉંઝાના વડોદરા સંગઠનના કન્વીનર વિરેનભાઈ, એપીએમસીના ડિરેક્ટર મુકેશભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખ નરેન્દ્રભાઈ સહિત ૯૬ ગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ ઠાકોરભાઈ પટેલે પણ હાજરી આપી એસપીજીની ઝુંબેશને સમર્થન આપ્યું હતું. **રિપોર્ટર: મહેન્દ્ર સોલંકી, વડોદરા**



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા સરદાર પટેલ રાજકારણ: ભાજપની યાત્રા સામે કોંગ્રેસનો હુમલો

વડોદરામાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ભાજપની 'એકતા માર્ચ' સામે કોંગ્રેસે આક્રોશ વ્યક્ત કર્યો. કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ હરણી તળાવ પાસેની બિસ્માર પ્રતિમાને શ્રદ્ધાંજલિ આપી. તેમણે આક્ષેપ કર્યો કે, ભાજપના નેતાઓ જિલ્લા પંચાયતની પ્રતિમાને પુષ્પાંજલિ આપવાનું ભૂલ્યા. પ્રવક્તા ડૉ. નિકુલ પટેલએ ભાજપને દંભી ગણાવી, પ્રજાને ગેરમાર્ગે ન દોરવા અપીલ કરી. સુરક્ષાકર્મી બેભાન થવા છતાં કાર્યક્રમ ચાલુ રાખવા બદલ નેતાઓની સંવેદનહીનતા પર સવાલ ઉઠાવ્યો.



## સગીરાનું અપહરણ કરી ગર્ભવતી બનાવી: રાજસ્થાનથી ઝડપાયા

સુરતના પુણા વિસ્તારમાં ૧૫ વર્ષની સગીરાના અપહરણની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. એક યુવકે સગીરાનું અપહરણ કર્યું હતું, જેના કારણે તેનો પરિવાર છેલ્લા ૧૧ મહિનાથી પુત્રીની શોધમાં પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈ રહ્યું હતું.


આખરે, પોલીસે સતત તપાસ કરીને બંનેને રાજસ્થાનમાંથી શોધી કાઢ્યા હતા. જોકે, સગીરાની સ્થિતિ જોઈને તેના પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા, કારણ કે સગીરા ૮ માસની ગર્ભવતી હતી. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે સગીરાએ તેના પરિવાર પાસે પાછા જવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. આ સંજોગોને ધ્યાનમાં લઈને સગીરાને વધુ સુરક્ષા અને કાળજી માટે નારી સંરક્ષણ ગૃહમાં ખસેડવામાં આવી છે. પુણા પોલીસે અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ આરોપી યુવકની ધરપકડ કરીને આ કેસમાં વધુ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## કોડીનાર કલા ઉત્સવ: શ્રી. ભ. ભા. વિદ્યાલયે જીત્યું વિજેતા સ્થાન

કોડીનારની મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તા. ૨૯/૧૧/૨૦૨૫ ના રોજ SVS કક્ષા દ્વારા આયોજિત 'કલા ઉત્સવ – ૨૦૨૫' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાની અનેક શાળાઓએ ભાગ લીધો હોવા છતાં, શ્રી. ભ. ભા. વિદ્યાલયના વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભા અને મહેનતથી સ્પર્ધામાં પોતાનું વિશિષ્ટ સ્થાન બનાવ્યું.

શાળાના વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, ચિત્રકલા, વાદ-વિવાદ અને વક્તૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાને કલા ઉત્સવમાં ગૌરવપૂર્ણ વિજેતા સ્થાન અપાવ્યું હતું.

વિજેતા વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષકોને શાળાના આચાર્યશ્રી હરીસિંહ દાહીના સાહેબ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આચાર્યશ્રીએ આ સફળતાને શાળા, શિક્ષકો અને માતા-પિતાની સંયુક્ત મહેનતનું પરિણામ ગણાવીને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વિદ્યાર્થીઓ રાજ્ય સ્તરે પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરશે. (રિપોર્ટર: હર્ષ ભરડા, કેશોદ)



## કુસ્તીબાજ દીકરીને થાઈલેન્ડ જવા મદદ ન મળતાં રાજકીય આક્રોશ

વડોદરાની માળી સમાજની એક કુસ્તીબાજ દીકરીએ સ્થાનિક અને રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને હવે થાઈલેન્ડમાં આંતરરાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધામાં ભાગ લેવા જવાની સિદ્ધિ મેળવી છે. આ ગૌરવશાળી સફળતા છતાં, ગરીબ પરિવારની આ દીકરીને વિદેશ પ્રવાસ માટે જરૂરી આર્થિક મદદ મળી નથી. આ ઘટનાએ માળી સમાજમાં રાજકીય આગેવાનો અને પક્ષો પ્રત્યે મોટો આક્રોશ ઊભો કર્યો છે. સમાજના લોકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, રાજકીય પક્ષો અને સમાજના કેટલાક આગેવાનો માત્ર મતો મેળવીને સત્તા ભોગવે છે, પરંતુ ગરીબ પ્રતિભાના વિકાસમાં સહાયક બનતા નથી. સમાજનું કહેવું છે કે, જો આ દીકરી અન્ય કોઈ પૈસાપાત્ર પરિવારની હોત, તો રમતગમત મંત્રી, ધારાસભ્યો અને સરકારી ગ્રાન્ટમાંથી ચોક્કસપણે મદદ મળી હોત. આ પરિસ્થિતિએ સમાજના અગ્રણીઓ માટે ઊંડો વિચાર કરવાનો સમય આપ્યો છે અને સમાજ પ્રત્યેની તેમની જવાબદારી પર સવાલો ઉભા કર્યા છે.



**રાજકીય ઉદાસીનતાનો ભોગ બનતી પ્રતિભા: માળી સમાજની દીકરીને થાઈલેન્ડ જવા માટે આર્થિક મદદનો ઇનકાર**

## ગુજરાત પોલીસ ભરતી: PSI, LRDની ૧૩,૫૯૧ જગ્યાઓ પર અરજી

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજ્યના પોલીસ વિભાગમાં ખાલી પડેલી ૧૩,૫૯૧ જગ્યાઓ પર મેગા ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક (LRD) એમ બે મુખ્ય કેડરનો સમાવેશ થાય છે.

ભરતી વિગતો:

- PSI કેડર (૮૫૮ જગ્યા): સ્નાતક થયેલા ઉમેદવારો બિન હથિયારી/હથિયારી PSI અને જેલર ગ્રુપ-૨ માટે અરજી કરી શકશે.
- LRD કેડર (૧૨,૭૩૩ જગ્યા): ધોરણ ૧૨ પાસ ઉમેદવારો બિન હથિયારી કોન્સ્ટેબલ, હથિયારી કોન્સ્ટેબલ (SRPF) અને જેલ સિપોઈની જગ્યાઓ માટે અરજી કરી શકશે.

ઓનલાઈન અરજી પ્રક્રિયાની શરૂઆત ૩ ડિસેમ્બર, ૨૦૨૫થી થશે અને ઉમેદવારો ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી gprb.gujarat.gov.in પર અરજી કરી શકશે. જોકે, એક નિવૃત્ત અધિકારીએ ચિંતા વ્યક્ત કરી કે વસ્તીની તુલનામાં રાજ્યમાં દર લાખે પોલીસકર્મીઓની સંખ્યા માત્ર ૧૨૪ છે, જે દેશના અન્ય મોટા રાજ્યો કરતાં ઓછી છે. આ ભરતી માત્ર ખાલી જગ્યાઓ પૂરશે, પણ વસ્તી મુજબ પોલીસ દળની તાકાત વધારવા માટે મહેકમમાં વધારો જરૂરી છે.




**ગુજરાત પોલીસમાં PSI (૮૫૮) અને LRD (૧૨,૭૩૩)ની ૧૩,૫૯૧ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી ૩ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બર ૨૦૨૫ સુધી કરી શકાશે.**

## માર્ગ અકસ્માતમાં યુવકનું કરૂણ મૃત્યુ, અન્ય એક ઘાયલ

વડોદરા જિલ્લામાં માર્ગ અકસ્માતની બે ગંભીર ઘટનાઓ નોંધાઈ છે. પાદરામાં, ૨૮ નવેમ્બરે મહાકાળી મંદિર પાસે ડમ્પર ટ્રક ચાલકે ધુમિલ પટેલની બાઇકને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાથી સારવાર દરમિયાન ધુમિલનું મોત નીપજ્યું હતું. આ ઉપરાંત, ૨૯ નવેમ્બરે વરણામા ગામની સીમમાં નેશનલ હાઇવે ૪૮ પર આઇસર ટ્રક ચાલકે અન્ય બે વાહનોને ટક્કર મારી ગંભીર અકસ્માત સર્જતા એક વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી. પોલીસે બંને ટ્રક ચાલકો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ખેતરમાં બકરા ચરાવવા મામલે ઝઘડો, ત્રણ મહિલાઓ સામે ફરિયાદ

વડોદરાના ડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બકરા ચરાવવા જેવી નજીવી બાબતે ગંભીર મારામારીનો બનાવ સામે આવ્યો છે. સાંઢાસાલ ગામના રહેવાસી વૈશાલીબેન માળીએ કૈલાશબેન પરમાર, આશાબેન પરમાર અને સીમાબેન માળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ખેતરમાં બકરા પેસી જવાના મુદ્દે થયેલા ઝઘડામાં આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી વૈશાલીબેન અને તેમના પરિવારજન આશાબેનને લાકડી અને ધારીયા જેવા હથિયારો વડે માર મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. પોલીસે ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## જાહેરનામાના ભંગ બદલ ગ્રામ્ય પોલીસની કડક કાર્યવાહી

વડોદરા ગ્રામ્ય પોલીસે જિલ્લા કલેક્ટરના વિવિધ જાહેરનામાનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી છે. હોટલ/રેસ્ટોરન્ટમાં CCTV કેમેરા ન લગાવવા બદલ મંજુસર અને ભાદરવા પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા છે.

આ ઉપરાંત, નો-પાર્કિંગ ઝોનમાં વાહન પાર્ક કરવા બદલ ૬ પોલીસ સ્ટેશનમાં વાહન ચાલકો સામે કાર્યવાહી થઈ છે. મકાન માલિકોએ ભાડુઆતની નોંધણી ન કરાવવા બદલ અને સિમકાર્ડ વેચાણનું રજિસ્ટર ન રાખવા બદલ પણ સાવલી અને કરજણ પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે કાયદાનું પાલન સુનિશ્ચિત કરવા માટે આ ઝુંબેશ ચાલુ રાખી છે.

## દારૂ પીને વાહન ચલાવવું અને જુગાર રમતા લોકો પર કાર્યવાહી

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં નશાબંધી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી ચાલુ છે. મંજુસર, સાવલી, કરજણ અને વાઘોડિયા વિસ્તારમાં દારૂ પીને વાહન ચલાવતા અનેક ઈસમો વિરુદ્ધ મોટર વ્હીકલ એક્ટ ૧૮૫ મુજબ ગુના નોંધાયા છે.

આ ઉપરાંત, પાદરાના કોઠી ફળિયા અને વાઘોડિયાના રૂસ્તમપુરામાં ગેરકાયદેસર રીતે વરલી મટકાનો જુગાર રમતા ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા છે. મંજુસર, ભાદરવા, વડુ, પાદરા, શિનોર અને કરજણ સહિતના વિસ્તારોમાં દેશી દારૂના વેચાણ અને દારૂ પીધેલી હાલતમાં ફરવા બદલ પણ અનેક લોકો સામે ગુના નોંધવામાં આવ્યા છે.

## સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની યાત્રા વડોદરામાં

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે કરમસદથી શરૂ થયેલી 'સરદાર @ ૧૫૦ રાષ્ટ્રીય એકતા યાત્રા' આજે વડોદરા પહોંચી હતી. અરવિંદો આશ્રમથી ખંડેરાવ માર્કેટ અને કીર્તિ સ્તંભ જેવા મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી આ યાત્રામાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને દેશના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ જાંબુવા બ્રિજ ખાતે જોડાયા હતા. આઇડિયલ સ્કૂલ ખાતે સંબોધન કરતાં નાયડુએ સ્પષ્ટતા કરી હતી કે, "આ યાત્રા રાજનીતિ નથી, આ યાત્રા દેશની એકતા માટે છે," અને સરદાર પટેલ તેમના રાષ્ટ્રીય નેતા રહ્યા છે. શહેરના વિવિધ સંગઠનો દ્વારા યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ઘોડાની આડ માં દારૂની હેરાફેરી, ગુપ્ત ખાનું ઝડપાયું

પાટણ શહેર નજીક દારૂની ગેરકાયદેસર હેરાફેરી માટે અપનાવાયેલી એક અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો છે. તસ્કરોએ એક છોટા હાથી વાહનના પાછળના ડાલામાં ઘોડાને બાંધીને તેની આડશ ઊભી કરી હતી. ઘોડાની પાછળ ખાસ ગુપ્ત ખાનું બનાવવામાં આવ્યું હતું, જેમાં વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો હતો.

બાતમીના આધારે કાર્યવાહી કરતા, અધિકારીઓએ આ વાહનને અટકાવી સઘન તપાસ કરી અને ગુપ્ત ખાનામાંથી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો. આ સફળ કાર્યવાહીમાં દારૂ, છોટા હાથી વાહન સહિત કુલ રૂ. ૮.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. દારૂની હેરાફેરીના આ ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે, જેમની પૂછપરછના આધારે દારૂના આ સમગ્ર નેટવર્કના મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## અમદાવાદ સિમકાર્ડ કૌભાંડ: એરટેલ એજન્ટ ૪ ઝડપાયા, તાર દુબઈ સુધી

અમદાવાદ સાઇબર ક્રાઇમે 'ડિજિટલ અરેસ્ટ' ફ્રોડની તપાસ દરમિયાન એક મોટા આંતરરાષ્ટ્રીય સિમકાર્ડ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૪ આરોપીઓની ધરપકડ થઈ છે. આ કૌભાંડના તાર દુબઈમાં ચાલતા ગેરકાયદેસર બેટિંગ અને સાઇબર ક્રાઇમ કોલ સેન્ટરો સાથે જોડાયેલા છે.

તપાસમાં સામે આવ્યું કે, મુખ્ય આરોપી વિજય રાવળ, જે એરટેલ એજન્ટ અને ડિસ્ટ્રીબ્યુટર હતો, તે ગ્રાહકોના બાયોમેટ્રિક્સ અને દસ્તાવેજોનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર સિમકાર્ડ ઇશ્યૂ કરતો હતો. સિમ ટ્રાન્સફર માટે આવતા ગ્રાહકોને 'ટેકનિકલ એરર'નું બહાનું આપી તેમના નામે સિમ ઇશ્યૂ કરીને દુબઈ મોકલાતા હતા. છેલ્લા બે વર્ષમાં આ સિન્ડિકેટે ૧૦૦૦થી વધુ સિમકાર્ડ દુબઈ પહોંચાડ્યા, જેમાંથી કંબોડિયાના કોલ સેન્ટરોમાં એરટેલના સિમની ડિમાન્ડ વધુ હતી.

દુબઈમાં કોલ સેન્ટરમાં કામ કરતો ચોથો




આરોપી કુલદીપ જોશી, ભારત આવે ત્યારે પ્રતિ સિમ ₹ ૧૫૦૦ના દરે સિમકાર્ડ ખરીદીને દુબઈ પહોંચાડતો હતો. આ સિમકાર્ડનો ઉપયોગ 'ડિજિટલ અરેસ્ટ' અને ગેરકાયદેસર બેટિંગ જેવા ફ્રોડમાં થતો હતો. સાયબર ક્રાઈમ પોલીસે દુબઈમાં બેઠેલા ભાવેશ જોશી ઉર્ફે લાદેન અને કનુ વારાહી સહિતના મુખ્ય સૂત્રધારોને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે. નાગરિકોને TAFCOP વેબસાઈટ પર પોતાના નામે ઇશ્યૂ થયેલા સિમકાર્ડ ચેક કરવા અપીલ કરવામાં આવી છે.

## વડોદરા: રિક્ષા અને ટ્રેક્ટરની ટક્કરથી બે લોકો ઘાયલ, ફ્રેક્ચર




વડોદરામાં માર્ગ સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરી બેફામ વાહન ચલાવનારા બે અજાણ્યા ચાલકો સામે કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૨૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બનેલા આ બે અલગ અકસ્માતોમાં બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે.

**ઘટના ૧:** ફતેપુરા ચાર રસ્તા પર રિક્ષાનો કહેર ફતેપુરાના રહેવાસી જયંત દામોદર કેલકરની ફરિયાદ મુજબ, તેઓ ફતેપુરા ચાર રસ્તા પાસે હતા ત્યારે એક અજાણ્યા રિક્ષા ચાલકે બેદરકારીથી વાહન હંકારીને તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે જયંત કેલકરને જમણા પગના થાપાના ભાગે ફ્રેક્ચર થયું છે અને આંખ પર પણ ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ રિક્ષા ચાલક ત્યાંથી ભાગી ગયો હતો.

**ઘટના ૨:** ટ્રેક્ટરની ટક્કરથી એક્ટીવા ચાલક ઘાયલ વિપુલ સાદુળભાઈ ભરવાડની ફરિયાદ મુજબ, તેમના ભાઈ રામજીભાઈ સંગમથી પાણીની ટાંકી તરફના રોડ પર એક્ટીવા લઈને જઈ રહ્યા હતા. ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવેલા એક અજાણ્યા ટ્રેક્ટર ચાલકે તેમને જોરદાર ટક્કર મારી. આ ટક્કરથી રામજીભાઈ રોડ પર પટકાયા હતા અને તેમને બંને ખભાના ભાગે ફ્રેક્ચર થયું છે.

**પોલીસે બંને ફરિયાદોના આધારે અકસ્માત સર્જીને ફરાર થયેલા વાહન ચાલકોને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજની મદદ લેવામાં આવી રહી છે.**

## વડોદરા: મહિલા અત્યાચારના બે કેસ, દહેજ અને ત્રાસની ફરિયાદ

વડોદરામાં મહિલા અત્યાચારના બે અલગ-અલગ અને ગંભીર કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે, જેમાં મહિલા પોલીસ સ્ટેશનમાં બે પીડિતાઓએ સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ કિસ્સાઓ સમાજમાં વ્યાપ્ત દહેજ પ્રથા અને લિંગભેદના દર્દનાક ચિતાર આપે છે.

**કેસ ૧:** મોગલવાડાના સફિયાબાનુ વા/ઓ મોહીનુદ્દીન મન્સુરીએ પતિ, જેઠ, જેઠાણી અને નણંદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, લગ્નજીવનના આરંભથી જ સાસરિયાઓ દ્વારા નાની બાબતોમાં ઝઘડા કરી, પિયર પક્ષ તરફથી વોશિંગ મશીન અને દહેજ લાવવા માટે સતત દબાણ કરવામાં આવતું હતું. દહેજની માંગણીની સાથે, પુત્રીના જન્મ બાદ તેમને સતત મ્હેણાં મારવામાં આવતા અને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે પીડિતાએ આખરે કાયદાનો સહારો લેવો પડ્યો છે.

**કેસ ૨:** માંજલપુરના નીધીબેન વા/ઓ ચિંતનકુમાર મહેતાએ પતિ, સસરા અને સાસુ (રહે. ગાંધીનગર) વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. નીધીબેનની ફરિયાદ અનુસાર, સાસરિયાઓ દ્વારા તેમને ગંદી ગાળો આપીને મારઝૂડ કરવામાં આવતી હતી. આ સાથે જ, તેમની પર દહેજની માંગણી માટે દબાણ કરવામાં આવતું હતું અને બળજબરીપૂર્વક છૂટાછેડા લેવા માટે ધમકાવવામાં આવતા હતા. મામલો એટલો વણસ્યો કે તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. મહિલા પોલીસે બંને કેસમાં સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓ સામે તપાસની કાર્યવાહી હાથ ધરી.



## માંજલપુર ઘરફોડ ચોરી: ₹ ૧ લાખની મત્તાની ચોરી, તિજોરી તૂટી

વડોદરાના માંજલપુર વિસ્તારમાં ઘરફોડ ચોરીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. ૨૯ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ની રાત્રિ દરમિયાન મારુતીધામ સોસાયટીમાં ફતેસિંહ ચૌહાણના બંધ મકાનને ચોર ઈસમે નિશાન બનાવ્યું હતું. દરવાજાનો નકુચો તોડીને ઘરમાં પ્રવેશ મેળવી, તિજોરીમાંથી ₹ ૪૦,૦૦૦/- રોકડા, દોઢ તોલાની સોનાની ચેન અને ચાંદીનો ઝુડો મળી કુલ ₹ ૧,૦૦,૦૦૦/- ની કિંમતની માલમત્તાની ચોરી થઈ છે. માંજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## વડોદરા: કેનેડા વર્ક પરમિટના નામે ₹ ૩ લાખની છેતરપિંડી

વિદેશ જવા ઈચ્છતા યુવકોને લલચાવીને તેમની પાસેથી મોટી રકમ પડાવવાનો વધુ એક બનાવ વડોદરા શહેરમાં પ્રકાશમાં આવ્યો છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં અમદાવાદના રીતેશભાઇ દશરથભાઈ પટેલે ખોડીયારનગરના રહેવાસી અજીતસિંગ બ્રીજલાલ જાટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીએ જણાવ્યું કે આરોપી અજીતસિંગે ખોડીયારનગરની પોતાની ઓફિસમાં તેમને કેનેડા માટે CA વર્ક પરમિટ અને ડીપેન્ડ વિઝા અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. આ વિશ્વાસના આધારે તેમની સાથે એગ્રીમેન્ટ કરવામાં આવ્યો અને ફરિયાદી પાસેથી કુલ રૂ. ૩,૦૦,૦૦૦/- મેળવ્યા હતા. જોકે, વર્ક પરમિટ અપાવવાના બદલે આરોપીએ ફરિયાદીના વિઝિટર વિઝા માટે એપ્લાય કરી દીધું હતું અને પૈસા પરત માંગતા વિશ્વાસઘાત કર્યો હતો. આ ઘટનાને પગલે વડોદરામાં વિદેશી વિઝા કન્સલ્ટન્ટની કામગીરી પર ફરી એકવાર સવાલો ઉભા થયા છે. પોલીસે આ અંગે ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.




## બ્રહ્માકુમારી શાંતિ રથ બિલિયન મિનિટ્સ ઓફ પીસ

પ્રજાપતિ બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના 'બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ' પ્રોજેક્ટને આગળ વધારતા શાંતિ રથ આજે બિલખા વિસ્તારમાં પહોંચ્યો. બિલખા, ભલગામ, નવાગામ, વિરપુર અને છોડવડી ગામોમાં આત્મીય સ્વાગત સાથે યાત્રાનું આગમન થયું. ગામના આગેવાનો, સામાજિક સંગઠનો અને યુવા મંડળોએ શાંતિ રથનું પરંપરાગત રીતે અતિ સ્નેહપૂર્વક સ્વાગત કર્યું.

દરેક ગામમાં બ્રહ્માકુમારી પરીવાર દ્વારા લાઈવ શો યોજાયા, જેમાં શાંતિ, સકારાત્મકતા અને આધ્યાત્મિક મૂલ્યોની મહત્તા સમજાવવામાં આવી. યાત્રાના મુખ્ય પ્રવચનોમાં જણાવાયું કે 'શાંતિ એ માનવજાતની પ્રથમ જરૂરિયાત છે' અને બિલિયન મિનિટ્સ પ્રોજેક્ટનો હેતુ — વિશ્વના દરેક ખૂણામાંથી ધ્યાન અને મેડિટેશન દ્વારા શાંતિની શક્તિ એકત્રિત કરવી. શાંતિ રથમાં રજૂ થતી સામગ્રી, આદર્શ સૂત્રો અને મેડિટેશન ડેમો દ્વારા લોકોએ સકારાત્મક એનર્જી અનુભવ્યો. સમગ્ર કાર્યક્રમમાં લોકસમાગમ ઉત્સાહજનક રહ્યો.

**રિપોર્ટ: આશિષ વસાવડા, બિલખા.**



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**